# એક હતી ઝીલીમીલી

– યોસેફ મૅકવાન

સવારનો સમય હતો.

વનવગડામાં હલકે હલકે હેલ્લારા મારતી હવા વહી રહી હતી. મેદાનમાં લીલમ્ લીલું ઘાસ ફરફરતું હતું. તેમાં વચ્ચે એક નાનકડી કેડી હતી. એ કેડી પર ખિસકોલીનું એક બચ્ચું ચાલ્યું જતું હતું. એનું નામ ઝીલીમીલી. ઝીલીમીલી ખૂબ આનંદમાં હતી. એ કૂદતી ઠેકતી મસ્તીથી ગીત લલકારતી હતી.

સૂરજ સોનાનો

વગડા માથે ઝૂલે રે...

ચાંદો રૂપાનો

વગડા માથે ઝૂલે રે...

ચારે બાજુ ફૂલે ફૂલે રે

પતંગિયાં કૈં ઝૂલે રે....મારે આંગણિયે

આમ ગાતી – ઠેકતી કૂદતી જતી ઝીલીમીલીએ એક ઝાડ પર મેના–પોપટને જોયાં. બોલી, 'ગુડ મૉર્નિંગ !'

'ગુડ મૉર્નિંગ ઝીલીમીલી !' બોલતાં મેનાપોપટ ફર્ર્ર્ કરતાં ઝીલીમીલી પાસે ઊતરી આવ્યાં.

ઝીલીમીલીએ પૂછ્યું, 'આજે કયો વાર થયો ?'

'રવિવાર....બીજી ઑક્ટોબર !' મેના–પોપટ સાથે બોલ્યાં.

'યાદ છે ને આ દિવસ ?' ઝીલીમીલી હસીને બોલી.

મેના–પોપટ એકબીજાંની સામે જોઈ બોલ્યાં, 'આજે ? આ દિવસ ? ખ્યાલ નથી આવતો કંઈ ! ઝીલીમીલી, તું જ કહેને...'

'યાદ કરો....યાદ આવશે....' કહેતાં ઝીલીમીલી ત્યાંથી આગળ ચાલી ને ગીત લલકારવા લાગી....

સૂરજ સોનાનો

વગડા માથે ઝૂલે રે...

ચાંદો રૂપાનો

વગડા માથે ઝૂલે રે…

એટલામાં ચીં ચીં ઉંદરડી ઝીલીમીલીને મળી. બોલી, ‘હેલો ઝીલીમીલી ! ગુડ મૉર્નિંગ !’

ઝીલીમીલી છેક તેની પાસે પહોંચી, બોલી, ‘ગુડ મૉર્નિંગ ચીં ચીં.’

ચીં ચીં ઉંદરડી ફટ્ બોઈસ, ‘કેમ છે ખલુ આન્ટિ…..મજામાં છે ને ?’

‘હાં…હાં…મમ્મી તો પેલા ઝરણાં બાજુ ગઈ છે…’ ઝીલીમીલીએ જવાબ આપ્યો. પછી ચીં ચીં ઉંદરડીને પૂછ્યું, ‘આજે શો વાર થયો ?’

ચીં ચીં ઉંદરડી ફટ્ બોલી, ‘રવિવાર……બીજી ઑક્ટોબર !’

ઝીલીમીલી તરત બોલી, ‘યાદ છે ને આજે શું છે તે ?’

‘હાં…હાં…પેલા મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ. લુખ્ખાની જેમ બધા ઊજવશે…કોઈ પાર્ટી બાર્ટી જ નહીં. કશું સારું ખાવા ન મળે !’ ચીં ચીં ઉંદરડી રોષમાં બોલી ગઈ.

ઝીલીમીલી ખિસકોલી ગુસ્સે ભરાઈ. મોં ચડાવી બબડતી બબડતી આગળ ચાલી.

આગળ રસ્તામાં તેને પછી તો કાળુ કાગડો–કાગડી, કીટી કોયલ મળ્યાં. હૂપ હૂપ કરતો મણુ માકડો મળ્યો, સોનુ સસલો સસલી મળ્યાં. બધાંએ એક જ જવાબ આપ્યો : ગાંધી માત્માનો જન્મ દિવસ.

મનમાં ને મનમાં બોલી : કેવા છે બધાં ? ગયે વરસે મેં અને મારી મા ખલુએ કેવો સરસ રીતે ઊજવ્યો હતો મારો આ જન્મ દિવસ ! ત્યારે બધા કેતા’તા – ઝીલીમીલી આવતે વરસેય આપણે તારો જન્મદિન આનાથી સરસ રીતે ઊજવીશું હં ! તું નવી નવી જાતની ચોકલેટો લાવજે સફરજન આકારનું મોટું કેક બનાવડાવજે અને કેળાના આકારની બોટલમાં શરબત….આજે આપ્યું એવું જ હં….અરેરેરે….! આ બધાં એ ભૂલી ગયા આજે મારો જન્મદિવસ છે એ કોઈનેય યાદ ના રહ્યું ! ત્યારે તો બધાએ સાથે મળી કેવું ગાયું હતું.

હૅપ્પી….હૅપ્પી….
બર્થ….બર્થ
ડે….ડે….ઝીલીમીલીને…
ખૂબ ખૂબ શુભેચ્છાઓ હો જો ઝીલીમીલીને….
ત્યારે કેવી મજા પડી હતી એ દિવસે ! આજે આ બધાને એમાંનું કશું યાદ નથી.

ઝીલીમીલી ઉદાસ થઈ ગઈ. ખલુએ પણ સવારે યાદ ના કર્યું. બપોરે ઘેર ગઈ....કંઈ નહીં અને એ ઊંઘી ગઈ. સાંજ પડી.

ઝીલીમીલી ઊંઘતી હતી ત્યાં ગલુ ગલુડિયું આવ્યું. છેક ઝીલીમીલીના કાન પાસે મોં રાખી....ઉ ઉ ઉ.....કર્યું.

ઝીલીમીલી ઝબકીને જાગી ગઈ. બોલી, 'ગલિયા.....આવું કરાય...? હું તો બી જ ગઈ !'


ગલુ બોલ્યો, 'હેપી બર્થ ડે ઝીલીમીલી....!'

ઝીલીમીલીને ખૂબ ગમ્યું. તે દરમાં ગઈ અને એક ચોકલેટ લાવી.ગલુને આપી પછી બોલી, ' બોલ ગલુ....મારો જન્મદિવસ કોઈનેય યાદ નથી. બધા મળ્યા પણ કોઈએ મને –

'જવા દેને ઝીલીમીલી...ચલ મારી સાથે આપણે દૂર પેલા ઝરણા પાસે રમીએ....!' ગલુ ગલુડિયાએ કહ્યું.

'પણ પાછા ફરીશું તો અંધારું થઈ જશે. એના કરતા અહીં જ રહેને. હું બીજી ચોકલેટ આપું !' ઝીલીમીલી ઉત્સાહમાં બોલી.

'ના ચાલ ઝરણા પાસે....' કહી ગલુ એને મોંમા પકડી ઝરણાં તરફ ભાગ્યું. છેક ઝરણા પાસે આવ્યાં, ત્યારે એને મૂકી દીધી. ઝીલીમીલી કહે 'ગલુ કેવું એકલું એકલું લાગે છે અહીં ચારે બાજુ સૂનકાર છે.' થોડીવાર થઈ ત્યાં ચારેબાજુ સળવળાટ થયો. ઝીલીમીલીએ જોયું તો....મેના–પોપટ, સોનુ સસલો–સસલી, ચીં ચીં ઉંદરડી અને તેની ચીમી મા ચીમુ બાપા, કીટી કોયલ, મણુ માકડો....વગેરે નાચતાં....ઊડતાં.....કૂદતાં ગાતાં આવ્યાં....



હેપ્પી....હેપ્પી
બર્થ....બર્થ
ડે......ડે......ઝીલીમીલી...
રહે તંદુરસ્તી સદા ખીલી ખીલી......

પછી તો ઝરણાં પાસેના ઝાડ પર પ્રકાશ ઝળહળી ઊઠયો. પથ્થર પર સફરજન આકારનું મોટું કેક જોઈ ઝીલીમીલીની આંખમાં હરખના આંસુ આવ્યાં. મા ખલુએ કહ્યું. ‘બેટા ઝીલીમીલી...અમે બધાંએ નક્કી કર્યું હતું કે તને સરપ્રાઈઝ પાર્ટી આપવી...આવ કેક કાપ...’

ઝીલીમીલીએ કેક કાપ્યું. બધાંએ ખાધું અને ગીતો ગાયા.....નાચ્યા.....કૂદ્યાં......

ઝીલીમીલી મનમાં ને મનમાં પોતાને કહેવા લાગી : હું મૂરખી લોકોનાં પ્રેમને જોઈ જ ના શકી...આ લોકો મને કેવું ચાહે છે....થાય છે વરસગાંઠે કોઈની પ્રેમ સિવાય કંઈ આશા ન રાખવી....

ઝાડ પરની લાઈટોનું ઝરણુંય મલકી રહ્યું.

■